ટૂંક સમયમાં પેટ્રોલમાં રૂપિયા પાંચના વધારાની સંભાવના

નવી દિલ્હી,તા. ૨૮

મોંઘવારીના કારણે સામાન્ય લોકો પહેલાથી જ પરેશાન છે ત્યારે આગામી દિવસોમાં સરકાર લોકો પર વધુ બોજ નાંખવાની તૈયારીમાં છે. પેટ્રોલ, ડિઝલ, એલપીજી ગેસની કિંમતમાં વધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. ટૂંક સમયમાં જ જાહેરાત કરવામાં આવશે. પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા પાંચનો વધારો કરાશે જ્યારે ડીઝલની કિંમતમાં જંગી વધારો કરાશે. કારણ કે ડીઝલની કિંમતમાં અંકુશમુક્ત કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. વધુ કમાણી કરનાર લોકોને એલપીજી ગેસ ૧૦૦૦ રૂપિયામાં મળશે. આ ઉપરાંત મોબાઈલ પર વાત કરવાની બાબત અને કારમાં

મુસાફરી પણ વધુ મોંઘી થશે. સરકાર જો સંસદીય સમિતિની વાત માની લેશે તો ૫૦ હજાર રૂપિયાથી વધુ મહિને કમાણી કરનાર લોકોને રાંધણ ગેસ માટે આશરે ૧૦૦૦ રૂપિયા આપવા પડશે. આ સમિતિએ શ્રેણીબધ્ધ ભલામણો સરકારને સોંપી દીધી છે. આંતરીક સુત્રોએ કહ્યું છે કે સરકારી તેલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચનો વધારો કરવાની તૈયારી કરી ચુકી છે. આ સમિતિએ જે ભલામણો સુપ્રત કરી છે તેમાં ઘણીબધી કઠોળ ભલામણો પણ છે. આ સમિતિ ઉપરાંત પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ મોંઘી થશે. પેટ્રોલિયમ મંત્રાલયની સ્થાઈ સમિતિએ સરકારને સુચન કર્યું છે કે રાંધણ ગેસ પર હાલ તેલ કંપનીઓને આશરે ૫૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર નુકશાન થઈ રહ્યુ છે. ગેસ ઉપરાંત ડિઝલ અને પેટ્રોલની કિંમતમાં પણ વધારો ઝીંકવા તૈયારી કરી લેવામા આવી છે. હજુસુધી રાહતદરે આપવામાં આવનાર ગેસ સિલિન્ડરોની સંખ્યા મર્યાદિત કરવાના અહેવાલ આપતી રહી છે. સરકારી તેલ કંપનીઓની કફોડી હાલતને જોતા હવે ૫૦ હજાર રૂપિયાથી વધુની મહિને કમાણી કરનાર લોકોને રાહતદરે આપવામાં આવનાર એલપીજી સિલિન્ડર બંધ કરી દેવામાં આવશે. અને આનાથી ઓછી આવકવાળા પરિવારને એક વર્ષમાં છથી આઠ સબસીડીવાળા સિલિન્ડર આપવાની વાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાંધણ ગેસ પર હાલ તેલ કંપનીઓને આશરે ૫૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર નુકશાન થઈ રહ્યુ છે. ગેસ ઉપરાંત ડિઝલ અને પેટ્રોલની કિંમતમાં પણ વધારો ઝીંકવા તૈયારી કરી લેવામા આવી છે. સરકાર પર ડિઝલ અને પેટ્રોલની કિંમતમાં વધારો ઝીંકવા તીવ્ર દબાણ છે. આવી સ્થિતિમાં સરકાર વધારે સમય સુધી પેટ્રોલ અને ડિઝલની કિમતો તથા એલપીજીની કિમતમાં ભાવ વધારાને ટાળી શકે તેવી સ્થિતિ નથી. પેટ્રોલની જેમ જ ડિઝલની કિમતને પણ અંકુશમુક્ત કરવાની વાત ચાલી રહી છે. જો આવા નિર્ણય લેવાશે તો ડિઝલની કિમતમાં ઉલ્લેખનીય વધારો થશે. પેટ્રોલિયમ મંત્રાલયની સ્થાઈ સમિતિ એલપીજીની સાથે સાથે ડિઝલની કિમતમાં પણ વધારો કરવા રજૂઆત કરી ચુકી છે.

ચારે બાજુ મોંઘવારી...

- પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચનો વધારો કરવાની તૈયારી
- ઓઈલ કંપનીઓ સ્થિતિને સુધારવા ચોક્કસપણે ભાવવધારો ઝીંકશે
- પેટ્રોલની કિંમત અંકુશ મુક્ત હોવા છતાં પેટ્રોલિયમ મંત્રાલયનું અંકુશ હોવાથી ભાવવધારો હાલ અટકેલો છે
- લાંબા સમય સુધી ભાવવધારાને રોકી શકવાની સ્થિતિ નથી
- ડીઝલની કિંમતમાં પણ વધારો ઝીંકાશે
- મહિને ૫૦,૦૦૦થી વધુની આવક ધરાવતા લોકોને રાહત દરે મળનાર એલપીજી ગેસ બંધ કરવામાં આવશે
- એલપીજી ગેસ માટે અમીર લોકોને ૧૦૦૦ રૂપિયા સુધીની ચૂકવણી કરવી પડશે
- ઓછી આવકવારા પરિવારને એક વર્ષમાં છ સબસીડીવાળા સિલેન્ડર અપાશે
- રાંધણગેસ પર હાલ ઓઈલ કંપનીઓને પ્રતિ સિલેન્ડર ૫૫૦ રૂપિયાનું નુકશાન

સચિનને ભારત રત્ન આપવા બાબા રામદેવની ઉગ્ર માંગણી

નવી દિલ્હી,તા. ૨૮

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરની રાજ્યસભા માટે

પસંદગીને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે યોગગુરૂ બાબા રામદેવ પણ કુદી પડ્યા છે. બાબા રામદેવે આજે આક્ષેપ કર્યો હતો કે રાજ્યસભા માટે સચિન તેન્ડુલકરની નોમિનેશન કરીને તેના ખરાબ દેખાવ તરફથી લોકોના ધ્યાનને બીજી તરફ વાળવાનો પ્રયાસ યુપીએ સરકાર કરી રહી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદમાં સંબોધતા રામદેવે કહ્યું હતું કે સરકાર આવી હિલચાલ હાથ ધરીને તેની પોતાની પ્રતિષ્ઠા સુધારવાના પ્રયાસ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે જો સરકાર સચિનનું સન્માન કરવા માંગે છે તો સચિનને ભારત રત્ન આપવો જોઈએ. ભારત રત્નથી સચિનને સન્માનિત કરવાના બદલે સચિનના મામલે રાજકીય રમત રમવામાં આવી રહી છે. દરમ્યાન ટીમ અણ્ણામાં પડેલી તિરાડના મામલે પણ રામદેવે ખુલાસો કર્યો હતો. બાબા રામદેવે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર સામેના જંગમાં હાથ મિલાવાના મામલે ટીમ અણ્ણામાં તિરાડ પડી હોવાના અહેવાલ પાયા વગરના છે. રામદેવે કહ્યું હતું કે તેઓએ એવું ક્યારેય કહ્યું નથી કે અમે બે ચળવળને એક કરવા જઈ રહ્યા છીએ. રામદેવે કહ્યું હતું કે ગાંધીવાદી નેતા માત્ર આટલું જ કહી ચુક્યા છે કે અમે એક સાથે રહીશું. કાળા નાણાં અને ભ્રષ્ટાચાર જેવા મામલાઓ પર અમે એક મત છીએ અને એક મત રહીશું.

પેટ્રોલિયમ કિંમતોને તર્કસંગત બનાવવાની જરૂર : વડાપ્રધાન

ભટિન્ડા,તા. ૨૮

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યું હતું કે પેટ્રોલિયમ કિંમતોને હવે તર્કસંગત બનાવવાની તાકીદની જરૂર છે. સિંહે તેની અસરમાંથી સામાન્ય લોકોને બચાવી લેવા પણ પગલા લેવાની જરૂરીયાત પર ભાર મુક્યો હતો. ૨૦૦૦૦ કરોડની ગુરૂ ગોવિન્દ સિંહ રિફાઈનરી રાષ્ટ્રને સમર્પિત કરતી વેળા સિંહે કહ્યું હતું કે ફુડ પુરવઠા પૈકી ૮૦ટકા પુરવઠાની આયાતના કારણે દેશના આયાત બિલમાં ઉલ્લેખનીય વધારો થયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રુડની કિંમત આસમાને પહોંચી છે. તેમણે કહ્યું હતું કે અમને કિંમતોને તર્કસંગત બનાવવાની જરૂર છે. સાથે સાથે એવી ખાતરી કરવાની પણ જરૂર છે કે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તેની અસર ન થાય. કિંમતોને તર્કસંગત બનાવવાનો સંકેત આપી

સિંહે કહ્યું છે કે પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં વધારો થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓઈલ કંપનીઓએ છેલ્લા એક વર્ષથી એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો કર્યો નથી. જ્યારે રો મેટેરિયલની કિમતમાં જંગી વધારો થયો છે. વડાપ્રધાને વધતીજતી તેલ કિંમતની અસરમાંથી લોકોને બચાવવાના હેતુથી પગલા લઈ રહી હોવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે સરકાર માર્કેટ કિમત કરતા ઓછા દરે ડિઝલ, કેરોસીન અને એલપીજી આપી બોજ ઉપાડી રહી છે.સિંહે કહ્યું હતું કે ઉર્જા મોરચે જે પડકારો છે જે ખુબ જટિલ અને શક્તિશાળી છે. પોષાય તેવી કિંમતે ઉર્જાનો પુરવઠો પુરતો પહોંચે તેની ખાતરી કરવાની જરૂર છે. સિંહે કબુલાત કરી હતી કે અતિ ઝડપથી વિકસિત થઈ રહેલા અર્થતંત્રની વધતી માંગને પહોંચી વળવાની કામગારી મુશ્કેલરૂપ છે. ક્રુડ ઓઈલ અને ગેસનો પુરવઠો પુરતો નથી. સરકારે જુન ૨૦૧૧માં પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરી હતી. પરંતુ પીએસયુ ઓઈલ કંપનીઓ ભાવમાં વધારો કરવાની સ્થિતીમાં નથી કારણ કે પેટ્રોલિયમ મંત્રાલય તેમના પર અંકુશ ધરાવે છે. સાથે સાથે રાજકીય દબાણ પણ છે. ઓઈલ કંપનીઓ હાલમાં લીટરદીઠ ૧૯.૧૬ના રાહત દરે ડિજલ વેચે છે. જ્યારે કંપનીઓને કેરોસીન પર પ્રતિ લીટર ૩૨.૫૯નું નુકસાન છે. આવી જ રીતે સ્થાનિક એલપીજી સિલિન્ડર તેની વાસ્તિવક કિંમત કરતા ૫૭૦.૫૦નુ નુકસાન છે. ઈન્ડિયન ઓઈલ કોર્પ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમને વર્ષ ૨૦૧૧-૧૨માં ખર્ચ કરતા ઓચી કિંમતે ડિઝલ, કેરોસીન અને એલપીજી વેચવા બદલ નુકસાન ૧૩૮૮૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. મહેસુલી નુકસાનનો આંકડો ૨૦૮૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે.

બંગારુ લક્ષ્મણને ચાર વર્ષની સજા

નવી દિલ્હી,તા. ૨૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર લાંચ રુશ્વત મામલામાં દિલ્હીની કોર્ટે આજે ભાજપના પૂર્વ પ્રમુખ બંગારુ લક્ષ્મણને ચાર વર્ષની જેલની સજા ફટકારી હતી. સાથે સાથે એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ૧૧ વર્ષ અગાઉના બનાવટી શસ્ત્ર સોદાબાજી કેસમાં રૂપિયા એક લાખની લાંચ લેવાના મામલે બંગારુને સજા ફટકારવામાં આવી છે. ગઈકાલે ૭૧ વર્ષીય નેતાને એડિશનલ સેશન્સ જજ કવલજીત અરોરાને અપરાદી ઠેરવીને સનસનાટી મચાવી દીધી હતી. ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાનને આજે ચાર વર્ષની જેલની સજા થતા સોપો પડી ગયો હતો. ભાજપને આની સાથે જ મોટો ફટકો પડ્યો છે. દિલ્હીની ખાસ સીબીઆઈ અદાલતે આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે બનાવટી શસ્ત્ર ડિલરો પાસેથી લાંચ લેવાના મામલામાં લક્ષ્મણને દોષિત ઠેરવ્યા હતા. અગાઉ બંગારૂ લક્ષ્મણે દયાની અરજી કરી હતી પરંતુ તેમની અરજીને ફગાવી દેવામાં આવી હતી. સજા ભોગવી શકે તે માટે કસ્ટડીમાં લઈ લેવા આદેશ આપવામાં આવ્યો હતો. સમાજના બેવડા હિતને ધ્યાનમાં લઈને બંગારૂને સજા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ કૌભાંડના કારણે તત્કાલીન વાજપેયી સરકારી હચમચી ઉઠી હતી. બંગારૂ લક્ષ્મણને હોબાળો મચી ગયા બાદ ભાજપના પ્રમુખ તરીકે રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. આ ઉપરાંત તત્કાલીન સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિઝને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. આજના ચુકાદા બાદ લક્ષ્મણના વકીલે કહ્યું હતું કે તેઓ ખાસ અદાલતના ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ કરશે. ભ્રષ્ટાચાર અટકાયત ધારાની કલમ ૯ હેઠળ ગુના બદલ તેમને સજા કરવામાં આવી છે. દરમ્યાનમાં કોંગ્રેસે આ

અંગે પ્રતિક્રિયા કરતા જણાવ્યું છે કે પ્રથમ વખત એક રાજકીય પક્ષના ટોચના નેતાને સજા ફટકારવામાં આવી છે. રાશીદ આલ્વીએ કહ્યું હતું કે ભાજપને મોટો ફટકો પડ્યો છે અને આત્મનિરીક્ષણ કરવાનો સમય તેમના માટે આવી ગયો છે. આજે દિવસ દરમ્યાન સજાના પ્રમાણ અંગે દલીલો પર સુનાવણી દરમ્યાન સીબીઆઈએ લક્ષ્મણ માટે મહત્તમ પાંચ વર્ષની સજાની માંગ કરી હતી. ભ્રષ્ટાચાર અંગે સુપ્રિમ કોર્ટના જુદા જુદા ચુકાદાઓ અંગે ઉલ્લેખ કરીને પ્રોસીક્યુટરે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર મોટા પાયે છે. જેથી કઠોર સજા થવી જોઈએ. સીબીઆઈ બંગારૂ સામે કેસ સાબિત કરવામાં સફળ છે. જેથી મહત્તમ સજા થવી જોઈએ. દરમ્યાનમાં બંગારૂ લક્ષ્મણે પણ કેટલીક રજુઆત કરી હતી. તેમને લઘુત્તમ છ મહિનાની સજા કેમ થવી જોઈએ તે અંગે પુછવામાં આવતા રાજકારણીએ કહ્યું હતું કે તેઓ સ્વસ્થ રહેતા નથી. બે વખત બાયપાસ સર્જરી કરાવી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે આરોગ્યની તેમને તકલીફ રહેલી છે. ડાયાબીટીસથી પણ ગ્રસ્ત છે. આવા કોઈ કેસમાં અગાઉ સામેલ રહ્યા નથી જેથી લઘુત્તમ સજા થવી જોઈએ. કોર્ટે ભ્રષ્ટાચાર અટકાયત ધારાની જોગવાઈઓ હેઠળ લક્ષ્મણને દોષિત ઠેરવ્યા હતા. બંગારૂ લક્ષ્મણે પાંચમી જાન્યુઆરી ૨૦૦૧ના દિવસે એમ/એસ વેસ્ટ એન્ડ ઈન્ટરનેશનલ પાસેથી રૂપિયા એક લાખની લાંચ લેતા ગુપ કેમરામાં સ્ટીંગ ઓપરેશન દરમ્યાન ઝડપાઈ ગયા હતા.

૧૩ રાજ્યોમાં એચ૧એન૧ના કુલ ૯૮૭ કેસ નોંધાયાની કબુલાત

નવી દિલ્હી,તા. ૨૮

યુપીએ સરકારે કબુલાત કરી છે કે આ વર્ષે ૧૩ રાજ્યોમાં એચ૧એન૧ના કુલ ૯૮૭ કેસો નોંધાયા છે. જ્યારે આ રોગના કારણે મોતનો આંકડો ૫૯ છે. કેટલાક રાજ્યોમાં સ્વાઈન ફ્લુના વધેલા કેસો અંગે લોકસભામાં માહિતી આપતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને તમિળનાડુ સહિતના રાજ્યોસ્વાઈનફ્લુના કારણે ખુબ અસરગ્રસ્ત છે. તેમણે કહ્યું હતું કે ક્રિટિકલ કેર સહિતની તમામ સુવિધાઓ અને અલગ વ્યવસ્થા કરવા માટે રાજ્યોને સુચના આપવામાં આવી છે. આઝાદે ધ્યાન દોર્યું હતું કે એચ૧એન૧ને છેલ્લા ત્રણ વર્ષમાં ડબલ્યુએચઓ દ્વારા જેને રોગચાળો જાહેર કર્યો છે તે એકમાત્ર છે. સ્વાઈન ફ્લુ અંગે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાને પાળવા માટે રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશોને સુચના આપવામાં આવી છે. પ્રધાને કહ્યું હતું કે આ વર્ષે જાન્યુઆરીથી ૨૩મી એપ્રિલ સુધીના આકડા પર નજર કરવામાં આવે તો મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૪૮૭ કેસો નોંધાયા છે. અહીં ૨૦ના મોત પણ થયા છે. જ્યારે આંધ્રપ્રદેશમાં ૧૧૫ કેસો નોંધાયા છે અને ૧૨ના મોત થયા છે. આવી જ રીતે રાજસ્થાનમાં ૧૧૬ કેસો નોંધાયા છે અને ૧૨ના મોત થયા છે. ગુજરાતમાં છ કેસો નોંધાયા છે અને બેના મોત થયા છે. તમિળનાડુ, મધ્યપ્રદેશ અને પંજાબમાં પણ આ સ્વાઈન ફ્લુના કેસો નોંધાયા છે. ઉત્તરાખંડમાં પણ કેસો જોવા મળ્યા છે. સ્વાઈ ફ્લુ અંગે વારંવાર ચેતવણી આપવામાં આવી હોવા છતાં દેશના જુદા જુદા ભાગોમાં કેસો થયા છે.

સ્વાઇન ફ્લુનો સંકજો...

રાજ્ય	કેસ	મોત
મહારાષ્ટ્ર	૪૮૭	૨૦
આંધ્રપ્રદેશ	૧૧૫	૧૨
રાજસ્થાન	૧૧૬	૧૨
દિલ્હી	૭	-
ગુજરાત	૬	૨
હરિયાણા	૪	-
કેરળ	૧૦	-
તમિળનાડુ	૬૧	૨
મધ્યપ્રદેશ	૧	૧
પંજાબ	૨	૧
ઉત્તરાખંડ	૧	૧

નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન વૃદ્ધિદર ૭થી ૭.૫ ટકા વચ્ચે રહેવાની આશા



નવી દિલ્હી,તા.૨૮

વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન વૃદ્ધિદર ૭થી ૭.૫ટકા વચ્ચે રહેવાની આશા વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘની આર્થિક સલાહકાર પરિષદે આજે વ્યક્ત કરી હતી. આર્થિક સલાહકાર પરિષદના વડા ડૉ. સી. રંગરાજને કહ્યું હતું કે રેટીંગ એજન્સી સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ (એસએન્ડપી) આગામી દિવસોમાં માત્ર ભારતની રેટિંગ પુનઃ સ્થાપિત કરશે. એટલું જ નહીં પણ તેનું રેટીંગ પણ વધારશે. અમેરિકી ચેમબર ઓર્પ કોમર્સના કાર્યક્રમને સંબોધન કરતા રંગરાજને કહ્યું હતું કે એસએન્ડપીએ વ્યક્ત કરેલી ચિંતા ચાલુ વર્ષ દરમ્યાન જ દૂર કરી દેવાશે. રેટીંગમાં કરેલો ઘટાડો જ નહીં પરંતુ અગાઉ કરતાં પણ વધારે રેટીંગ એસએન્ડપી આપશે તેવી આશા રંગરાજને વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે અમેરિકી રેટીંગ એજન્સી એસએન્ડપીએ ચાલુ સપ્તાહના પ્રારંભે જ ભારતના રેટીંગ આઉટલુકમાં ઘટાડો કરતાં ચિમકી

આપી હતી કે આગામી બે વર્ષમાં રાજકોષીય ખાદ્ય સ્થિતીમાં સુધારો નહીં થાય તો રેટિંગ ઓછુ કરી દેવામાં આવશે. એસએન્ડપીએ ભારતનું રેટિંગ ત્રિપલ બી પ્લસમાંથી ઘટાડી ત્રિપલ બી નેગેટીવ કરી દીધું છે. રંગરાજને કહ્યું હતું કે વર્તમાન નાણાંકીય વર્ષ દરમ્યાન ભારતીય અર્થતંત્ર ઝડપથી આગળ વધશે. સરકાર રાજકોષિય ખાદ્યને બજેટમાં નિર્ધારીત ૫.૧ ટકાની મર્યાદામાં રાખવાના પ્રયાસો કરશે. ગત નાણાંકીય વર્ષમાં વૃદ્ધિદર ૬.૯ટકા રહેવાની ધારણા રંગરાજને વ્યક્ત કરી હતી. આગામી વર્ષમાં બચત અને રોકાણ વધવાથી અર્થતંત્ર નવ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત પેટ્રોલ ડિઝલમાં પણ ભાવ વધારો કરવો જરૂરી છે. કારણ કે આંતરરાષ્ટ્રિય ભાવની સરખામણીમાં ઘરેલુ ભાવ ઘણાં ઓછા છે.

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

જોઈએ છે
ભાડેથી ૨૫૦ થી ૫૦૦ વારનો પ્લોટ જી.આઈ.ડી.સી., ગાંધીનગર
સંપર્ક
મો. : ૯૪૨૭૦ ૫૮૯૪૬

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સીમેન્ટ, TMT સ્ટીલ સ્પે. કપચી-ગ્રીટ, ડેકોરેટીવ નળીયા, સેનેટરી, પાઈપ ફીટીંગ, ઈંટોના જથ્થાબંધ તેમજ છૂટક સપ્લાયર્સ
દેશ કી શાન
કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાલા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦